International Journal of Advance and Applied Research
www.ijaar.co.in
ISSN – 2347-7075 Impact Factor – 7.328
Peer Reviewed Bi-Monthly
Vol.9 No.5 May – June 2022

# ભારતના સ્વતંત્રતા પહેલાના આંદોલનોમાં આદિવાસી આંદોલનોની ભૂમિકા

પ્રા.ડૉ. મૃગેશભાઈ એમ. નાયક
(એસો.પ્રૉ.ઈન હિસ્ટ્રી)
એમ.એમ.ચૌધરી આર્ટ્સ કૉલેજ, રાજેન્દ્રનગર, ને.હા.નં.૮,
વાયા-રાયગઢ, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા – ૩૮૩૦૦૧



" આદિવાસી આર્મુ ડોંગર વાસી
પાર્વતીજી કે વંશ જ આર્મુ શંકરજી કે વંશ
આર્મુ મુલ નિવાસી આર્મુ કે મુલ નિવાસી"[૧]

ભારત દેશ અનેકવિધ સંસ્કૃતિઓનો સમન્વય ધરાવતો ઉપખંડ છે. ભારતમાં અનેક સમુદાયો આપણને જોવા મળે છે એટલે ભારતીય સંસ્કૃતિની વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓમાંની એક છે જે અનેક વિવિધતાઓ ધરાવતા લોકોના સમુદાયથી બનેલી છે. આ સમુદાયોમાં આદિવાસી સમૂહ આ ભારતભૂમિના પ્રાચીનતમ લોકોમાંનો એક અને બીજા સમૂહોનો પ્રતિનિધિ છે. એ જ બીજા શબ્દોમાં કહેવું હોય તો તેઓ ભારતના મૂળ નિવાસી છે તેમ કહી શકાય.[૨]

મધ્યયુગીન ઇતિહાસમાં અલગ-અલગ શાસકોએ ભીલ સરદારોને પોતાના રાજ્યમાં

મહત્વના પદો પર નીમ્યા હતા. ખાસ કરીને સેનામાં ભીલો અગ્રક્રમે રહેતા. ભીલોએ મોગલોનો વારંવાર પ્રતિકાર કર્યો હતો. અંગ્રેજ રાજના આરંભના તબક્કામાં ભીલોએ બ્રિટિશ હકુમતના વિસ્તારનો પ્રચંડ વિરોધ કર્યો હતો. છત્રપતિ શિવાજી અને મહારાણા પ્રતાપને પણ આદિવાસીઓની સહાય મળતી હતી. આમ, આદિવાસીઓ ગૌરવશાળી વારસો ધરાવે છે.[૩]

ઘણી સદીઓ સુધી ભારતમાં અનેક જાતિઓએ રાજ્ય કર્યું, પણ તેમણે ભારતને પોતાના વતનની જેમ અપનાવી લીધું હતું. જયારે અંગ્રેજોને જ્ઞાતિય અભિમાન હોવાથી તે ભારતને અપનાવવા તૈયાર ન હતા, પરંતુ ભારતને ચૂસીને ધન બધું ટેમ્સ નદી પર ઠાલવવું હતું. પરિણામ એ આવ્યું કે ભારતીયોને આ વિદેશી શાસન તરફ ધૃણા પેદા થઇ અને રાષ્ટ્રીયતાનું અભણોને પણ ભાન થયું.[૪]

બંગાળ, બિહાર, ઓરિસ્સાના પ્રદેશોમાં બ્રિટીશરોના પ્રભુત્વની સ્થાપના સમયે જ એ પ્રદેશોની પ્રજાએ અંગ્રેજી સામ્રાજ્યનો વિરોધ કાર્યો. બંગાળમાં સામાન્ય પ્રજા અને આદિવાસીઓએ સમય – સમય મુજબ પોતાનો વિરોધ દર્શાવતા રહ્યા. ત્યારબાદ જ્યાં – જ્યાં અંગ્રેજ વિસ્તાર હતો ત્યાં પણ આદિવાસીઓએ મોકો મળતા વિદ્રોહ કર્યા હતા. એમના એ બળવા ૨૦ મી સદીમાં થતા રહ્યા.[૫]

ભારતના આદિવાસીઓએ આવો ભવ્ય વારસો ધરાવતા હોવા છતાં છેલ્લા ૩૦૦ વર્ષમાં તેમણે અનેક આંદોલનો કર્યા છે. ભારત દેશની સ્વતંત્રતા પહેલા, સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન અને સ્વતંત્રતા પછી આદિવાસીઓએ સંખ્યાબંધ આંદોલનો કર્યા છે. આદિવાસીઓએ આ આંદોલનો કોઈ એક હેતુ કે કોઈ એક કારણસર કર્યા નથી. આદિવાસીઓની સ્વતંત્રતા પર જોખમ તોળાયું ત્યારે, તેમના અધિકારો પર તરાપ મારવામાં આવી, ત્યારે તેમના પર અત્યાચાર અને શોષણ થયું ત્યારે અને તેમની સાથે વિશ્વાસઘાત થયો ત્યારે તેઓ સહન ન કરી શક્યા અને બંડ પોકારી ઉઠ્યા હતા.[૬]

બિહાર, મધ્યપ્રદેશ, આન્ધ્રપ્રદેશ અને ઓરિસ્સાનો મોટાભાગનો આદિવાસી પ્રદેશ ખનિજ સંપદાથી પરિપૂર્ણ છે. તેનો ઉપયોગ કરવા માટે અંગ્રેજોએ આદિવાસી ક્ષેત્રમાં ઘૂષણખોરી કરી. આ પ્રદેશમાં સરળતાથી અવરજવર થઇ શકે તે માટે સંચાર વ્યવસ્થા ઉભી કરી. પરિણામે વેપારીઓ, શાહુકારો, ઠેકેદારો અને અન્ય બાહ્ય તત્વોએ આદિવાસી વિસ્તારમાં પગ મૂક્યો. પછી પગદંડો જમાવ્યો. આ રીતે આદિવાસી જીવનમાં હસ્તક્ષેપ થયો. પછી શરૂ થયું આદિવાસી શોષણનું વિષચક્ર!

આદિવાસીઓની સ્વતંત્રતા છીનવાઈ. તેમના અધિકારો પર તરાપ આવી.તેઓ ગુલામીના બંધનમાં જકડાયા. લાંબા સમય

સુધી અન્યાય, અત્યાચાર અને આતંક તેમણે સહ્યા. પરંતુ દબાયેલી સ્પ્રિંગ બમણા વેગે ઉછળે એમ આદિવાસીઓ પણ અન્યાયનો પ્રતિકાર કરવા કટિબદ્ધ થયા. આદિવાસી અને બિન આદિવાસી નેતાઓના નેતૃત્વમાં આ પ્રજાએ વિદ્રોહ કર્યા. કેટલાક બળવા સફળ થયા, તો કેટલાકને નિષ્ફળતા મળી.

આસામ : સ્વતંત્રતા પહેલા આસામમાં મુખ્ય આઠ આદિવાસી આંદોલનો થયા હતા. ઈ.સ.૧૮૨૯ થી ૧૯૧૦ ના ગાળામાં થયેલા લગભગ બધા જ આંદોલનો બ્રિટીશ વિરોધી હતા. આસામના આદિવાસીઓએ અંગ્રેજોના વિરુદ્ધમાં ખાસી વિદ્રોહ, ગારો વિદ્રોહ, જયન્તીયા બળવો, ફૂલગીરી બળવો, ડફ્લા સંઘર્ષ અને અંબોર વિદ્રોહ કર્યા હતા. ખાસી વિદ્રોહનું નેતૃત્વ યુ.તીરથસિંહે કર્યું હતું. ઈ.સ.૧૯૦૫ માં સામાજિક –ધાર્મિક સુધારણા માટે બોળો - કછારી આદિવાસીઓએ બ્રહ્મા આંદોલન શરૂ કર્યું. કાલિચરણ નામના બિન આદિવાસીઓએ આ આંદોલનનું નેતૃત્વ કર્યું હતું.

આન્ધ્રપ્રદેશ : -

આન્ધ્રપ્રદેશમાં ઈ.સ.૧૭૮૯ થી ઈ.સ.૧૯૪૦ સુધીમાં થયેલા આદિવાસી આંદોલને સહુનું ધ્યાન ખેચ્યું હતું. રામ્પા વિદ્રોહ અંગ્રેજ વિરોધી હતો. આઝાદી આંદોલન તરીકે જાણીતા કોયા વિદ્રોહનું સુત્ર સંચાલન બિન આદિવાસી નેતા અલ્લુરી શ્રીરામ રાજુએ કર્યું હતું. સરકારી નીતિઓના વિરોધમાં કુમરા ભીમુએ ગોંડ બળવો કર્યો હતો. ઓરિસ્સામાં ઈ.સ.૧૮૧૭ થી ઈ.સ.૧૯૪૩ ના ગાળામાં પાંચ આદિવાસી આંદોલનો થયા હતા. ઓરિસ્સાના ખોંડ અને સંથાલ આદિવાસીઓએ અંગ્રેજ રાજ વિરૃદ્ધ બળવો કાર્યો હતો. સ્વતંત્રતા સંગ્રામ તરીકે જાણીતા કોરાપુટ બળવાનું નેતૃત્વ લક્ષ્મણ નાયકે કર્યું હતું.[૭] લક્ષ્મણ પર જંગલના ચોકીદાર રામૈયાની હત્યાનો આરોપ મુકવામાં આવ્યો. રામૈયા અફીણનો બંધાણી હતો અને ૨૧ ઓગષ્ટ ૧૯૪૨ ના રોજ પોલીસે કરેલા ગોળીબારમાં જ માર્યો ગયો હતો, પરંતુ લક્ષ્મણને ફસાવવા તેના પર રામૈયની હત્યાનો આરોપ મુકાયો. ૩૦ ને જન્મટીપ થઇ. ૧૮ ને હળવી સજા કરવામાં આવી, પરંતુ લક્ષ્મણ નાયકને ફાંસીની સજા ફટકારવામાં આવી.

" હવે હું મૃત્યુ પામીશ કારણકે બ્રિટીશ સરકાર અને જયપુરના રાજાએ મારા માટે એ જ ભવિષ્ય નિર્ધાર્યું છે, પરંતુ મને એનું દુઃખ નથી. મારા મૃત્યુ પછી લાખો ભારતીયો સ્વતંત્ર થશે અને ભારતમાં ગાંધીરાજ સ્થપાશે એ વાતનો મને આનંદ છે." ----------- લક્ષ્મણ[૮]

નાગાલેંડ : -

નાગાલેંડના આદિવાસીઓએ ઈ.સ.૧૮૭૯ માં અંગ્રેજો વિરુદ્ધ સંઘર્ષ કર્યો હતો. બસ્તરમાં ઈ.સ.૧૩૨૪ થી ઈ.સ.૧૯૧૦ સુધીમાં

નવ આદિવાસી આંદોલન થયા હતા. બસ્તરના આદિવાસીઓએ ઈ.સ.૧૩૨૪ માં સૌ પ્રથમવાર મુસ્લિમ શાસકો સામે બંડ પોકાર્યું હતું. તેનું નેતૃત્વ બિન આદિવાસી અન્નમ દેવે કર્યું હતું. ત્યારબાદ હલ્બા વિદ્રોહ, પરલકોટ વિદ્રોહ, તારાપુર વિદ્રોહ, મેરિયા વિદ્રોહ, કોઈ વિદ્રોહ, મુરીયા વિદ્રોહ અને ભુમકાલ બળવો થયો હતો. આ આંદોલનનો આંગ્લા – મરાઠા શાસન તથા બ્રિટિશરાજ વિરુદ્ધ થયા હતા. મહેસુલ વધારા ઉપરાંત સાલ વૃક્ષો કાપવાના વિરોધમાં પણ બળવા થયા હતા. અંગ્રેજ સલ્તનત વિરુદ્ધના આઝાદી આંદોલનની આગેવાની ધુર્વારાવ અને યાદોરાવે લીધી હતી. ભારતના તમામ આદિવાસી આંદોલનમાં સૌથી ખતરનાક ગણાતા ભુમકાલનું સુકાન ગુન્ડાધૂરે સંભાળ્યું હતું. હીરાલાલ શુક્લએ ગુન્ડાધૂરને બિરસા મુંડા કરતા પણ મુઠી ઉંચેરો ગણાવ્યો છે.

એક હલ્બી લોકગીતમાં વર્ણવ્યા પ્રમાણે, ગુન્ડાધૂર લડતો હતો હતો ત્યારે એની તલવારથી દુશ્મનોનાં માથા કપાઈ જતા હતા અને બસ્તરની ધરતી પરદેશીઓના રક્તથી લોહી લુહાણ થઇ જતી હતી.

ગીતના બોલ આ પ્રમાણે છે. :

ગુન્ડાધૂર તો લડતે બેરા....ખાંડા ચો ધાર પડતો બેરા

મુંડી ઉપર ધડ પડે સે.....લડઈ લડુ ન સરતો બેરા...........લહૂ ચો ટાર ધડે સે [૯]

બિહાર : -

બિહારમાં આઝાદી પહેલા બાર આદિવાસી આંદોલનો થયા હતા. ઈ.સ.૧૭૭૮ થી શરૂ થયેલા બળવાઓ મુખ્યત્વે અંગ્રેજોના વિરોધમાં કરાયા હતા. તમાડ બળવો, છુવાર સરદાર બળવો, કોલ વિદ્રોહ, ભુમીજ વિદ્રોહ, સંથાલ બળવો, સરદાર આંદોલન અને બિરસા આંદોલન દ્વારા આદિવાસીઓએ અંગ્રેજોનો ઉગ્ર વિરોધ કર્યો હતો. આ બળવાઓનું વિવિધ તબક્કે ભોલાનાથ, બ્રિજમોહનસિંહ, રાધાનાથસિંહ, બિન્દરાય માનકી, ગંગાનારાયણસિંહ, તિલક માઝી, સુંદર માઝી, સિધુ અને કાંડુએ નેતૃત્વ કર્યું હતું. સામાજિક – ધાર્મિક સુધારા માટેની ટાના ભગત ચળવળનું નેતૃત્વ જતરા ઉરાવ, સિબુ ભગત અને બલરામ ભગતે કર્યું હતું. પુરાણી સ્વતંત્રતા પાછી મેળવવા માટેની ખારવાર ચળવળનું સૂત્ર સંચાલન ભગીરથ માઝી, ડુબુ ગોસાંઈ અને બંગમ માઝીએ કર્યું હતું. ઈ.સ.૧૯૧૬ થી ઈ.સ.૨૦૦૦ સુધી વિસ્તરેલું ઝારખંડ આંદોલન અલગ રાજ્યની માંગણી માટેનું હતું. આ આંદોલનને કારણે આદિવાસીઓને શિબુ સોરેન જેવા નેતા મળ્યા.

મણિપુર : -

મણિપુરમાં ઈ.સ.૧૯૧૭ થી ઈ.સ.૧૯૩૫ સુધીમાં ત્રણ આદિવાસી આંદોલન થયા હતા. કુકી બળવો બ્રિટિશરાજના વિરોધમાં હતો.

ઝિલિયોંગરેંગ ચળવળ સામાજિક – ધાર્મિક સુધારણા ઉપરાંત વિદેશી શાસનની ગુલામીમાંથી મુક્તિ માટે ચલાવાઈ હતી. આ ચળવળનું નેતૃત્વ જાડોનાંગ અને રાણી ગિડાલોએ કર્યું હતું, પરંતુ મહિલા નેતા તો એક જ હતી. આદિવાસી આંદોલનની આગેવાની લેનાર એકમાત્ર આદિવાસી સ્ત્રી ગિડાલો જ હતી.! પ્રાચીન ધર્મની પુનઃસ્થાપના માટે ઈ.સ.૧૯૩૫ માં સનામાહી આંદોલન થયું હતું. મધ્યપ્રદેશમાં સ્વતંત્રતા પહેલા મુખ્ય આઠ આદિવાસી આંદોલન થયા હતા. ઈ.સ.૧૮૫૬ માં સ્વતંત્રતા માટે થયેલા સોનખન બળવાનું સુત્રસંચાલન શંકર શાહે કર્યું હતું. ઈ.સ.૧૮૮૦ માં ટંટાયા ભીલે બળવાનું માર્ગદર્શન કર્યું હતું. ઈ.સ.૧૯૧૫ માં મદ્યપાન વિરોધી ચળવળ થઇ હતી. ઈ.સ.૧૯૩૦ માં જંગલ સત્યાગ્રહ થયો હતો. ઈ.સ.૧૯૩૦ માં જ સામાજિક ઉત્થાન માટેની ચળવળ થઇ હતી. ઈ.સ.૧૯૩૬ માં મંડળ ગોંડ ચળવળ અને ઈ.સ.૧૯૪૨ માં ભારત છોડો ચળવળ થઇ હતી. મહારાષ્ટ્રમાં ઈ.સ.૧૯૪૫-૪૬ દરમિયાન ગુલામી અને શોષણમાંથી મુક્ત થવા વારલી આદિવાસીઓએ મુક્તિ ચળવળ ચલાવી હતી. મિઝોરમમાં ઈ.સ.૧૮૮૪ થી ઈ.સ.૧૮૮૯ દરમિયાન મિઝો વિદ્રોહ થયો હતો.

રાજસ્થાન : -

રાજસ્થાનમાં ઈ.સ.૧૮૧૮ થી ૧૯૪૮ દરમિયાન બાર આદિવાસી આંદોલનો થયા હતા. મેર વિદ્રોહ, ભીલ બળવા, મીણા વિદ્રોહ અને મેઓ વિદ્રોહ બ્રિટિશરોના વિરોધમાં થયા હતા. ગોવિંદસિંહનું આદિવાસી આંદોલન સામાજિક, ધાર્મિક અને રાજકીય એમ ત્રણ ફલક પર વિસ્તરેલું હતું. મોતીલાલ તેજાવતનું " એકી " આંદોલન આદિવાસીઓને સંગઠિત કરવા માટેનું અને દેશી રાજ્યો થકી થતા અત્યાચારનું વિરોધી હતું. આ આંદોલન આઝાદી માટેનું પણ હતું. સ્વતંત્રતા માટેના પ્રજામંડળ આંદોલનમાં આદિવાસીઓએ સક્રિય ભૂમિકા ભજવી હતી.

ટૂંકમાં, આદિવાસીઓએ આ તમામ આંદોલનો સ્વતંત્રતા, અધિકાર અને ન્યાય મેળવવા તથા શોષણ અને અત્યાચારમાંથી છુટકારો પામવા કર્યા હતા એવું સ્પષ્ટ થાય છે.

સંદર્ભ

૧). પટેલ ડૉ.દિપક, “ આદિવાસી સાહિત્ય : વિવેચન અને વિશ્લેષણ ”, ફ્લેમિંગો પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૨૦૧૫, પૃ.૫૫.

૨). ડૉ.નાયક મૃગેશ એમ. અને પ્રો.પટેલ પ્રકાશ એમ., “ ભારતના આદિવાસીઓની

સંસ્કૃતિ ", રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૨૦૧૫, પૃ.૨.

3). ડૉ.દોશી ટીના, " ગુજરાતના આદિવાસી આંદોલનો ", પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૨૦૧૧, પૃ.૪.

૪). ડૉ.પટેલ મંગુભાઈ રા., " ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓ ", યુનિ.ગ્રંથ.બોર્ડ., તૃતીય આવૃત્તિ, અમદાવાદ, ૧૯૯૪, પૃ.૯૭.

૫). ગોસ્વામી રઘુનંદન, " ભારત કે ઐતિહાસિક આંદોલન ", રીતુ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ, જયપુર, ૨૦૧૨, પૃ.૪૧.

૬). ડૉ.દોશી ટીના, " ગુજરાતના આદિવાસી આંદોલનો ", પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૨૦૧૧, પૃ.૪,૫.

૭). ડૉ.દોશી ટીના, " ભારતના આદિવાસી આંદોલનો ", પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૨૦૧૧, પૃ.૧૧,૧૨.

૮). એજન – પૃ.૪૫,૪૬.

૯). એજન – પૃ.૧૩,૮૦.

10). એજન – પૃ.૧૩,૧૪.